For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## રોજ સવાર પડે એટલે આ વાનરને ચા જોઇએ જ



સામાન્ય રીતે માણસો સવારે ઉઠીને ચા પીવાની ટેવ ધરાવતા હોય છે. વિદેશમાં લોકો ફક્ત મગમાં ચા કે કોફી પીતા હોય છે. રકાબીમાં ચા પીવાની પરંપરા તો માત્ર ભારતમાં જ છે. જો કે, સુરતના ડુમસમાં એક વાનર એવો છે કે જેને સવારે ચા પીધા વગર ચાલતું નથી. અહીં તે ચાની રાહ જોઇને બે થી ત્રણ કલાક બેસી રહે છે અને ચા વાળો તેને રકાબીમાં ચા આપે એટલે તે પીને તરત રવાના થઇ જાય છે. ( તસવીર : હેમંત ડેરે )

# સુરત-નવસારીની ડાયમંડ કંપનીને બોગસ બિલ વેચનાર ડાયમંડ કંપનીઓ સામે પણ IT કાર્યવાહી કરશે

**પ્રત્યેક** કંપનીને બિલ પર એક ટકો કમિશન ચુકવવામાં આવ્યું છે

સુરતઃ સુરત આવકવેરા વિભાગની ડીઆઇ વિંગે ગત બુધવારે સુરત, નવસારી, મોરબી, વાંકાનેર અને મુંબઈમાં સર્ચ કાર્યવાહી કરી રત્નકલા ડાયમંડ દ્વારા આચરવામાં આવેલી કરોડોની ટેકસ ચોરી પકડી પાડવામાં આવી છે.

ગઈકાલે સીબીડીટી દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદીમાં 518 કરોડમાં હીરા સહિતના વેપારના સોદાઓ બિનહિસાબી હોવાનું જણાવ્યું હતું તથા આ મામલામાં સુરત, નવસારી અને મુંબઈની અન્ય ડાયમંડ કંપનીઓએ રત્નકલાને બોગસ બિલ વેચ્યા હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સુરત આવકવેરા વિભાગ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડાયમંડ એકસપોર્ટ કરવા માટે જાણીતી અગ્રેસરા કંપનીએ 15 ડાયમંડ પેઢીઓ પાસેથી બિલની ખરીદી કરી હતી. આ કંપનીઓની આવકવેરા વિભાગે તપાસ શરૂ કરી છે. ટૂંક સમયમાં અન્ય ડાયમંડ કંપનીઓના સંચાલકોને સમન્સ પાઠવી પૂછપરછ માટે બોલાવવામાં આવશે. આવકવેરા વિભાગને એસેસમેન્ટ દરમિયાન 15 જેટલી ડાયમંડ કંપનીઓની યાદી બોગસ જણાઈ આવી છે. જે અંગે રત્નકલાના માલિકો દ્વારા સંતોષજનક ખુલાસો કરવામાં આવ્યો નથી. જે ડોકયુમેન્ટ જપ્ત કરવામાં આવ્યા છે તેમાં નોંધવામાં આવ્યું છે કે પ્રત્યેક

અનુસંધાન પાના ૫ પર

# પીપલોદમાં બોલીબૂમ દ્વારા ડીજે પાર્ટીનો વીડિયો વાયરલ થતાં પોલીસ દોડતી થઇ

**કોરોના** ટળી ગયો હોય તેવું વર્તન યુવાનો કરી રહ્યાં છે



સુરત : પીપલોદમાં બોલીબૂમ દ્વારા ડીજે પાર્ટીનો વિડીયો વાયરલ થતા ઉમરા પોલીસ દોડતી થઈ ગઈ હતી. હાલમાં કોવીડ કાળમાં જયારે સંક્રમણનો ભય વધ્યો છે ત્યારે માલેતૂજારોનો આ વિડીયો શહેરમા ચર્ચાનો વિષય બન્યો છે. જોકે એક બાજુ સરકાર નવરાત્રિમાં 400 લોકોને ગરમા રમવા માટે મંજૂરી આપવા માટેની ઘોષણા કરી છે. બીજી બાજુ એવુ કહેવાય છે કે પીપલોદમાં આ કેસમાં પોલીસ કેસ દાખલ કરવો કે નહી તે મામલે પોલીસ પણ વિચારી રહી છે. એક તરફ ગણપતિમાં લોકો દ્વારા જાહેરમાં ઉત્સવ આયોજિત કરાયો બીજી બાજુ આ રીતે કોવીડ ગાઈડલાઈનના ભંગ મામલે કેવી રીતે પોલીસ કાર્યવાહી કરવી તે મામલે હવે પોલીસ પણ વિસામણમાં મૂકાઈ છે. અલબત વિડીયો વાયરલ થતાની સાથેજ ઉમરા પોલીસ દ્વારા મોડી રાત્રે ગુનો દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાકાળ દરમિયાન પોલીસની વારંવારની સૂચના હોવા છતાં યુવાનો એકત્ર થતાં જરા પણ ગભરાતાં નથી. પોલીસ દરેક જગ્યા પર પહોંચી શકતી નહીં હોવાથી યુવાનોના માતા પિતાએ કાળજી રાખવી જોઈએ કે જ્યાં લોકો એકત્ર થાય છે ત્યાં જ કોરોનાનું સંક્રમણ વધે છે તેમ છતાં આવી પાર્ટી અને બર્થ ડે પાર્ટી ઠેર ઠેર યોજાતી હોય છે. પોલીસ આવા મામલે ગુનો નોંધતી હોવા છતાં પણ આવી પાર્ટીઓ છાશવારે યોજાતી રહે છે.

# બુટલેગર મહેશ મચ્છરનું એલસીબીની કચેરીમાં શંકાસ્પદ મોત

**સાયણથી** એલ.સી.બી. તપાસ માટે ઉઠાવી લાવી હતી, આરોપીનું આકસ્મિક મોત થતાં પોલીસ દોડતી થઇ ગઇ

બારડોલીઃ સાયણ ગામે વિદેશી દારૂનો વેપલો કરવા સાથે મોબાઈલ અને વાહન ચોરી સાથે અન્ય ગુનામાં પોલીસ ચોપડે આવેલા મહેશ મચ્છરને પોલીસ તપાસ માટે લઈ ગયા બાદ શનિવારની મોડી રાત્રે શંકાસ્પદ હાલતમાં તેનું મોત થવાની ઘટનાએ પોલીસ દોડતી થઈ હતી.

ઓલપાડ તાલુકાના સાયણ ગામે સાયણ સુગર રોડ નહેર કોલોની ખાતે રહેતો મહેશ મચ્છર (ઉ.25) જે સાયણ વિસ્તારમાં વિદેશી દારૂનો વેપલો કરતો આવ્યો છે. ત્યારે દારૂનો વેપલો કરવા સાથે મોબાઈલ અને વાહન ચોરીના ગુનામાં પણ તેનું નામ ખુલ્યું હોય વાહન ચોરીના ગુનાના કામે તપાસ અર્થે સુરત ગ્રામ્ય એલ.સી.બી પોલીસ શુક્રવારે તેને સાયણ ગામથી પકડી લઈ ગઈ હતી. ત્યારે એલ.સી.બી કચેરીમાં રાખેલા મહેશ મચ્છરનું શનિવારની રાત્રે અચાનક શંકાસ્પદ મોત થતા પોલીસ બેડામાં ચકચાર મચી ગઇ છે. ત્યારે વાહન ચોરીની ઘટનામાં તપાસ અર્થે પોલીસ લઈને આવ્યા બાદ તેનું શંકાસ્પદ રીતે મોત થવાની ચોંકાવનારી ઘટના બનતા રાત્રીએ પોલીસ દોડતી થવા સાથે મહેશ મચ્છરના મૃતદેહને કામરેજ આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે લઈ જવાયો હતો. જ્યારે પોલીસ અધિકારીઓ મહેશ મચ્છરનું આકસ્મિક રીતે મોત થયાનું કહેવા લાગ્યા છે.

## મહેશ મચ્છરને પોલીસે મારીને લટકાવી દીધા હોવાના જિલ્લા એલસીબી પર ગંભીર આક્ષેપ

**પરિવારનો** પીએમ રૂમની બહાર હોબાળો, સાત કલાક બાદ મૃતદેહ સ્વીકાર્યો

**મૃતક** મહેશની ઉંમર માત્ર 25 વર્ષની જ છે એટલે બીમારીથી મોત થાય તેમ નથી અને તે લિસ્ટેડ હોવાથી ફાંસો ખાય તેવી શક્યતા પણ નથી

સુરતઃ સાયણ પોલીસે ગઈકાલે પ્રોહિબિશનના કેસમાં મહેશ મચ્છરને પકડી લઈ ગઈ હતી. ગઈકાલે શંકાસ્પદ હાલમાં તેનું મોત થતા પોલીસ દોડતી થઈ હતી. તેનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલમાં લવાતાં પરિવારે કલાકો સુધી ન્યાયની માંગ સાથે સ્વીકારવા ઇનકાર કર્યો હતો. પોલીસે ન્યાય માટે ખાતરી આપતા અંતે મૃતદેહ સ્વીકાર્યો હતો. આ આખા મામલે એલસીબી પીઆઇ ચૂડાસમા દ્વારા મહેશ મચ્છર દ્વારા થર્ડ ડિગ્રી ટોર્ચર કરાયો હોવાના આક્ષેપ કરાયાં છે. દરમિયાન સિવિલ ખાતે મહેશ મચ્છરના પરિવારજનો દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. તેમાં મહેશ મચ્છરને આખી રાત ફટકારવામાં આવ્યો હતો. તેમાં તેણે દમ તોડયો હતો. આ ઉપરાંત રાજકીય અદાવતમાં આ હત્યા કરાઇ હોવાના આક્ષેપ કરવામાં આવ્યાં છે. મહેશ મચ્છર તે ઓલપાડ પંથકમાં ચર્ચા ચાલી રહી છે તે પ્રમાણે લિસ્ટેડ બુટલેગર હતો. તેને ચોક્કસ રાજકીય માથાઓ સાથે બનતું નહીં હતું. દરમિયાન પરિવારજનો દ્વારા સુરત એલસીબી પીઆઇ ચુડાસમાં દ્વારા માર મારવામાં આવતા મહેશનુ મોત નીપજતા તેની હત્યાતને આત્મહત્યામાં ખપાવવામાં આવી રહી હોવાના આક્ષેપ કર્યા છે. આ મામલે પોલીસ દ્વારા હજુ સુધી કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ઘટના અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઓલપાડ તાલુકાના સાયણ ગામમાં સાયણ સુગર રોડ નહેર કોલોની ખાતે રહેતો 25 વર્ષીય મહેશ ઉર્ફે મચ્છર રમેશ રાઠોડ સાયણમાં વિદેશી દારૂનો વેપાર કરતો હતો. સાથે સાથે મોબાઈલ અને વાહન ચોરીના ગુનામાં પણ તેની સંડોવણી સામે આવી હતી. જે કારણે એલસીબી પોલીસ શુક્રવારે મહેશને ઊંચકી લાવી હતી. એલ.સી.બીની કસ્ટડીમાં શનિવારે મહેશ મચ્છરનું અચાનક મોત થવાની શંકાસ્પદ ઘટના બની હતી. આરોપીના મોતને પગલે પોલીસ દોડતી થઈ હતી. પ્રથમ મહેશનો મૃતદેહ કામરેજ આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયો હતો. પરંતુ બાદમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલમાં ખસેડાયો હતો. ફોરેન્સિક પીએમમાં મહેશનું મોત ગળે ફાંસો ખાવાથી થયું હોવાનું પ્રાથમિક તારણ છે. હવે મહેશે કસ્ટડીમાં ફાંસો કઈ રીતે, ક્યારે અને સેના વડે ખાધો તે તપાસનો વિષય છે. પરંતુ પોલીસનું ભેદી મૌન આ બાબતે અનેક પ્રશ્નો ઉભા કરી રહ્યાં છે.

### સળગતા સવાલો

**ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં ગળે ફાંસો ખાવાથી મોત થયાનું પ્રાથમિક તારણ**

**કસ્ટડીમાં ફાંસો કઈ રીતે અને શેના વડે ખાધો તે તપાસનો વિષય**

**પોલીસનો ખુલાસો ગળે ઉતરે તેવો નહીં હોવાનો પરિવારજનોનો મત**

**બુટલેગર કેવી રીતે વાહનચોર બની ગયો પોલીસની તે થિયરી ગળે ઉતરે તેવી નથી**

### ભિલીસ્તાન ટાઇગર્સ મેદાનમાં

મહેશ મચ્છરની કથિત શંકાસ્પદ પોલીસ લોકઅપમાં થયેલી હત્યાને આત્મહત્યામાં ખપાવવામાં આવી રહી છે. તે મામલે એલસીબી પીઆઇ ચુડાસમાં ઉપરાંત તેમના સ્ટાફ સામે કાર્યવાહી કરવાની માંગણી ભિલીસ્તાન ટાઇગર્સ દ્વારા આજે કરવામાં આવશે. આ મામલે આ હત્યા શા માટે કરાઇ તે મામલે નિષ્પક્ષ તપાસ કરવાની માંગણી કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીખલીની ઘટનામાં પણ આવી રીતે જ યુવાનોએ આપઘાત કર્યો હતો. આ યુવાનોએ જાતે ફાંસો ખાધો હોવાનું સ્પષ્ટ હોવા છતાં આદિવાસી સમાજની લડતને કારણે તેમને ન્યાય મળ્યો હતો. હવે મહેશ મચ્છરના મોતમાં હજી આપઘાત કે પોલીસના મારથી મોત તે સ્પષ્ટ થયું નથી. એટલે ભીલીસ્તાન ટાઈગર સેના જો જલદ આંદોલન કરશે તો આ કેસમાં પણ જવાબદારો સામે પગલા લેવામાં આવશે.

# ચેતવણી : 50 દિવસ બાદ રાજ્યમાં કોરોનાના કેસ 20થી ઉપર નોંધાયા

**અમદાવાદ** મનપામાં 7 અને સુરત મનપામાં 5 કેસ નોંધાયાઃ વધુ 1.44 લાખ લોકોને રસી અપાઈ

**કોરોનાના** કેસમાં નજીવો વધારોઃ નવા કેસ 16થી વધીને 21 થયા



ગાંધીનગરઃ રાજ્યમાં કોરોનાના કેસોમાં નજીવો વધારો નોંધાયો છે. શનિવારે કોરોનાના 16 કેસ હતાં તે વધીને આજે રવિવારે 21 થયા છે. જો કે રાજ્યમાં એક પણ દર્દીનું મૃત્યુ થયું નથી. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ કેસની સંખ્યા વધીને 8,25,851 સુધી પહોંચી ગઈ છે.

રવિવારે રાત્રે આરોગ્ય વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં નવા 21 કેસો નોંધાયા છે.

જેમાં અમદાવાદ મનપામાં 7, સુરત મનપામાં 5, વડોદરા મનપામાં 4, અમરેલીમાં 1, ભાવનગર મનપામાં 1, ખેડામાં 1, સુરત જિ.માં 1, વલસાડમાં 1 કેસ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં 19 દર્દીઓને સાજા થઈ જતાં રજા આપી દેવાઈ છે. હાલમાં રાજ્યમાં 151 દર્દીઓ સારવાર હેઠળ છે, જે પૈકી 3 વેન્ટિલેટર પર છે. જ્યારે 148 દર્દીઓની સ્થિતિ સ્થિર છે. રાજ્યમાં 8,15,618 દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આ ઉપરાંત રાજ્યમાં 10082 દર્દીઓનું મૃત્યુ થયું છે.

રાજ્યમાં રવિવારે દિવસ દરમ્યાન 1.44 લાખ લોકોનું કોરોના સામે રસીકરણ કરાયું છે. જેમાં 45 વર્ષથી વધુ ઉમરના 21925 લોકોને રસીનો પહેલો ડોઝ અને 45 વર્ષથી વધુ ઉમરના 16203 લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે 18થી 45 વર્ષના 59958 લોકોને રસીનો પ્રથમ ડોઝ અને 18થી 45 વર્ષના 45445 લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 5,95,24,459 લોકોને રસી આપવામાં આવી છે.

# ઉપરવાસમાં વરસાદ ચાલુ રહેતા ઉકાઇમાંથી મોડી રાત્રે 70 હજાર ક્યુસેક પાણી છોડાયું

**શનિવારે** 98 હજાર ક્યુસેકથી વધુ પાણી છોડાતા રવિવારે તાપી નદી બંને કાંઠે વહેતી જોવા મળી

**મોડી** રાત્રે ફરી ઉકાઇના 6 દરવાજા ખોલીને 70 હજાર ક્યુસેક પાણી તંત્રએ છોડવું પડ્યું

સુરતઃ હાલના વરસાદમાં ડેમને ભરતા રહેનાર તંત્રએ આખરે ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તાર અને ઉપરવાસમાં ફરી વરસાદની આગાહી થતાં શનિવારે ઉકાઈ ડેમમાં પાણીની આવક વધી જતાં 10 દરવાજા ખોલીને 98500 ક્યુસેક પાણી છોડવું પડ્યું હતું. ત્યારે રવિવારે પાણી છોડવાની માત્રા ઘટાડીને 35 હજાર ક્યુસેક કરાયા બાદ મોડીરાત્રે ફરી 10 કલાકે 6 દરવાજા ખોલીને 70 હજાર કયુસેક પાણી છોડવું પડ્યું હતું. ડેમનું ડેન્જર લેવલ 345 ફુટ છે તેની સામે રવિવારે રાતે 10 વાગ્યે સપાટી 342.53 ફુટ નોંધાઈ છે. જ્યારે હથનુર ડેમની સપાટી 213 મીટર અને ડિસ્ચાર્જ 24961 ક્યુસેક છે. નોંધનીય છે કે પાણીની આવક વધશે તો 98 હજાર ક્યુસેક છોડાશે, તેવી તૈયારી કરવામાં આવી છે. વિતેલા 24 કલાકમાં ઉપરવાસમાં સરેરાશ 16.10 મીમી વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે ઉપરવાસમાં વરસાદની આગાહી કરી છે. હાલ ડેમ પહેલાથી જ રૂલ લેવલથી માત્ર અઢી

અનુસંધાન પાના ૫ પર

# તાજેતરમાં જ ચીખલીમાં ત્રણ પોલીસની ધરપકડ કરવામાં આવી છે

સુરતઃ વઘઈના બે યુવાનોને ચીખલી પોલીસ મોટરસાઈકલ ચોરીના કેસમાં લઈ આવી હતી અને તેમની પર ટોર્ચર કરવામાં આવ્યું હતું. જેના કારણે આ બંને યુવાનોએ પોલીસ સ્ટેશનના કોમ્પ્યુટર રૂમમાં જ એક જ પંખા પર લટકીને આપઘાત કરી લીધો હતો. અહીંના આદિવાસી સંગઠીત હતા એટલે તેમણે સતત ત્રણ મહિના સુધી દેખાવો કરતાં અંતે ચીખલી પોલીસ સ્ટેશનના તે સમયના

અનુસંધાન પાના ૫ પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 98254 20037
ગુજરાતમિત્ર

બીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



દિકરો એ માતા-પિતાની આંખનો તારો હોય છે. અંધારા આકાશમાં પોતાની રોશની ફેલાવે છે. પરંતુ નિયતિના ખેલ એવા કે અમારો એ તારો અસ્ત થઈ ગયો અંધકારમય આ જીવનમાં જે પ્રકાશ હતો એ કયાંક ખોવાય ગયો, પરંતુ એટલો ભરોસો છે કે જયાં પણ હશે ત્યાં પ્રકાશ ફેલાવશે પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. કૃણાલ(લાલો) અશોકભાઈ પટેલ
જન્મ. તા. ૩૦/૧૨/૧૯૯૩
સ્વ.તાઃ ૨૭/૦૯/૨૦૧૯

લિ.
અશોકભાઈ રમનભાઈ પટેલ(પપ્પા)
ગીજુભાઈ રમનભાઈ પટેલ(કાકા)
અતુલભાઈ રમનભાઈ પટેલ(કાકા)
અંકુરભાઈ અશોકભાઈ પટેલ(ભાઈ)
અવિનાશભાઈ ગીજુભાઈ પટેલ(ભાઈ)
આશિષભાઈ મોહનભાઈ પટેલ(બનેવી)
ઝંખનાબેન આશિષભાઈ પટેલ(બેન)
ફિયોન તથા સમસ્ત મચવાવાલા પરિવાર
સ્થળ : વેસુ ગામ, સુરત.

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



પિતા વિના આદર કોણ કરે, વર્ષા વિના સાગર કોણ ભરે, રામ વિના દુઃખ કોણ હરે, તુલસી વિના ધીરજ કોણ ધરે, તમારા જવાથી અમારા જીવનમાં પડેલા ખાલીપાને સમય ભૂંસી શકશે નહીં, જીવનમાં દરેક મોડ પર દરેક પ્રસંગે તમારી જરૂર વરતાશે, તમારી ખોટ જગતમાં કોઈ પુરી શકે તેમ નથી. તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ.ચંપકભાઈ જેરામભાઈ પટેલ
સ્વ.તા.૨૭/૦૯/૨૦૨૦

લિ. સ્વ.ઈલાબેન કાંતિભાઈ પટેલ (પુત્રી)
સ્વ.સતિષભાઈ ચંપકભાઈ પટેલ (પુત્ર)
જયાબેન ઠાકોરભાઈ પટેલ (પુત્રી)
શૈલેષભાઈ ચંપકભાઈ પટેલ (પુત્ર)
સરલાબેન સતિષભાઈ પટેલ (પુત્રી)
નિવાસ સ્થાન : પટેલ સ્ટ્રીટ, હજીરા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

નોંધ : ૨૦ કો. સે.મી.થી વધુ સાઈઝની જાહેરાતોનાં વધારાના સે.મી. પર ડીસપ્લે રેટ લાગશે.(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ પુણ્યતિથિએ હૃદયભીની શ્રધ્ધાંજલિ



સ્વ. ગમનભાઈ છીમાભાઈ પટેલ
સ્વ. તા. ૨૭/૦૯/૨૦૨૦

દૃષ્ટિ આપની બની પ્રેરણા અમારી,
આપનું દૃષ્ટાંત બન્યું માર્ગદર્શન અમારુ,
તમારા હૈયામાં હતી હામ, જગતને જીતવાની.
તમારી વાતો હતી, લોકોનાં હૈયા જીતવાની.
પરમકૃપાળુ પરમાત્મા આપનાં દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના.

લિ. આપનો પ્રિય પરિવાર

| | | |
|---|---|---|
| પ્રવિણકાંત જી. પટેલ (પુત્ર) | રાજેશ જી. પટેલ (પુત્ર) | ખ્યાતિ એન. પટેલ (પુત્રી) |
| નિરંજના પી. પટેલ (પુત્રવધુ) | કલ્પના આર. પટેલ (પુત્રવધુ) | નીલેશ એન. પટેલ (જમાઇ) |
| હર્ષિલ (પૌત્ર) | હેત્વી (પૌત્રી), દેવ (પૌત્ર) | શ્રેય (દોહિત્ર) |

મુ.પો. ચરી (નિશાળ ફળીયા) તા. ચીખલી જિ. નવસારી
G C PATEL & SONS PETROLEUM, Damnizapa, Pardi

હાર્દિક શ્રદ્ધાંજલી



એક ચેહરો જે દ્રષ્ટિમાંથી ભુલાય નહી, એક વ્યકિતત્વ જે કયારેય વિસરાય નહી, એક હુંફ જે કયારેય હવે મળશે નહી, જેમનું નામ હૃદયમાં સતત ગુંજયા કરે અને ફુલ બની આસપાસ મહેંકયા કરે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.હસમુખભાઈ કેશવભાઈ પટેલ
સ્વ. તા. ૨૩-૦૯-૨૦૨૧

લિ.
નટવરભાઈ મોતીભાઈ પટેલ(બનેવી) | હંસાબેન નટવરભાઈ પટેલ(બેન)
દીપકભાઈ નટવરભાઈ પટેલ(ભાણેજ) | મનીષાબેન દીપકભાઈ પટેલ(ભાણેજ)
વિશાલભાઈ નટવરભાઈ પટેલ(ભાણેજ) | છાયાબેન વિશાલભાઈ પટેલ(ભાણેજ)
સેહુલભાઈ રમણભાઈ ભુસાવાલા(ભાણેજ) | સંગીતાબેન સેહુલભાઈ ભુસાવાલા(ભાણેજ)
માનવ,માન્યા,હર્ષ,હીયા,ભાવિક,રાજ,કિંજલ તથા સમસ્ત પરિવાર
સ્થળ : સ્નેહ વાટિકા ,પારસી સ્ટ્રીટ, ખજોદ, સુરત.

પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



પરિશ્રમથી પેદા કર્યું, શૂન્યમાંથી સર્જન કર્યું, અમારા જીવનનું ઘડતર કર્યું, જીવનભર આપના અમીભર્યા આશીર્વાદ અમારા ઉપર વરસતા રહે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના.

સ્વ. વસંતરાય મગનલાલ દેસાઈ
સ્વ.તા.૨૭-૦૯-૨૦૨૦

લિ.
ગં.સ્વ. જશુબેન વસંતરાય દેસાઈ (પત્નિ)
નીતીનકુમાર વસંતરાય દેસાઈ (પુત્ર) હીના નીતીનકુમાર દેસાઈ (પુત્ર વધૂ)
કુશલ એન. દેસાઈ (પૌત્ર) માનસી કુશલ દેસાઈ (પૌત્ર વધૂ)
વિધિ હિરેન મણીયાર (પૌત્રી) હિરેન એચ. મણીયાર
સૂચી નીલ નાયક (પૌત્રી) નીલ હેમંતભાઈ નાયક
તથ્ય, હિયાન

બીજી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર
જન્મ તા. ૧૯-૯-૧૯૨૩ । સ્વ.તા. ૨૭-૦૯-૨૦૧૯

તમારા અંતરનું તેજ આજે પણ ઝાંખુ થયું નથી.
તમારો સ્નેહભીનો ચહેરો આજે પણ દિશા ચીંધે છે.
તમારા લાગણીથી મધમધતા શબ્દો અમને સતત પ્રેરે છે.
અમે તમારી સાથે આત્મીયતાથી કાયમ જોડાયેલાં રહીશું.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. શોકાતુર
દીપક ધીરૂભાઈ ઈજારદાર (પુત્ર)
પ્રિયંકા દીપક ઈજારદાર (પુત્રવધુ) । ધ્યેય દીપક ઈજારદાર (પૌત્ર)
હર્ષાબેન (પુત્રી), સુધાબેન (પુત્રી), સ્વ. મનસુખલાલ, ભાવનાબેન (પુત્રી)
તથા અ.સૌ. સ્વ. મણીબેન ધીરૂભાઈ ઈજારદાર (પત્ની)
'ભક્તિધામ',
પોસ્ટ ઓફિસની બાજુમાં, સુલતાનાબાદ,ડુમસ, સુરત